# સુડા આવાસ બે વર્ષમાં જર્જરીત થઈ ગયાં



**10 હજાર** લોકો જીવના જોખમે રહેવા મજબૂર

સુરતઃ સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી 'સુડા સંસ્કૃતિ વણકલા' આવાસ યોજના અંતર્ગત વર્ષ-2024માં ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો પોતાનાં ઘરનાં સપનાં સાથે રહેવા ગયા હતા. પરંતુ માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં સમગ્ર ઈમારત જર્જરિત થઈ ગઈ છે.

આ જર્જરિત બાંધકામ અને સુવિધાઓના અભાવને લઈને સોસાયટીના રહીશો દ્વારા સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (SUDA) ભવન ખાતે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે.

સ્થાનિક મહિલા અગ્રણી ભાવનાબેને તંત્રની પોલ ખોલતાં જણાવ્યું હતું કે, તેમણે સુડા ભવનના અધિકારીને અસંખ્યવાર ફરિયાદો કરી છે, પરંતુ આજદિન સુધી કોઈ જ નક્કર નિર્ણય લેવાયો નથી.આ આવાસ યોજના માત્ર અંદરથી જ જર્જરિત નથી, પરંતુ બહારથી પણ રહીશો માટે મોતના કૂવાસમાન સાબિત થઈ રહી છે. કારણ કે, સર્વિસ રોડ કે યોગ્ય ડાયવર્ઝનના અભાવે હાઈવે પરથી રોંગ સાઈડમાં ધસમસતાં વાહનો સોસાયટીના ગેટ પાસે આવી ચડે છે. જેના કારણે અહીં અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે.

### ગત વર્ષની શરુઆતથી જ બિલ્ડિંગોમાં પ્લાસ્ટરના પોપડા ઉખડવા લાગ્યા હતા

વર્ષ-2025ની શરૂઆતથી જ બિલ્ડિંગોના ચોસલા, પ્લાસ્ટરના પોપડા અને ફ્લોરિંગની ટાઇલ્સ ઉખડવા લાગી છે અને અહીં આવેલી કુલ 24 જેટલી હાઈરાઈઝ બિલ્ડિંગસના 2,060 કરતાં વધુ ઘરોમાં અંદાજે 10 હજારથી વધુ લોકો વસવાટ કરે છે, જેઓ છેલ્લા એક વર્ષથી જર્જરિત આવાસોમાં રહેવા માટે મજબૂર બન્યા છે.

### સુડા ભવનમાં રજૂઆત કરવા માટે જાય છે તો અધિકારીઓ ધમકાવે છે

સુડા આવાસના રહીશોનો આક્ષેપ છે કે જ્યારે તેઓ પોતાની વ્યાજબી માંગણીઓ અને જીવના જોખમ અંગે સુડા ભવનમાં રજૂઆત કરવા જાય છે, ત્યારે અધિકારીઓ સાંભળવાના બદલે ધમકાવે છે અને સ્થાનિકોએ જણાવ્યું હતું કે, જ્યારે તેઓ હક માટે અવાજ ઉઠાવે છે, ત્યારે તેમને તંત્ર દ્વારા પોલીસ કેસ કરવાની અને જેલમાં નાંખી દેવાની ધમકીઓ આપવામાં આવે છે. જો સરકારી અધિકારીઓ જ આવું વર્તન કરશે, તો તેમણે ન્યાય અને ઉકેલ માટે કોની પાસે જવું તેવો પ્રશ્ન ઊભો થયો છે અને બુધવારે તેઓ બપોરના 12 વાગ્યાથી સુડા ભવન બહાર ભૂખ્યા-તરસ્યા ઊભા હતા. પરંતુ તેમની વાત સાંભળવા કોઈ તૈયાર નથી.

## હું મરી જાઉં છું મારા માટે ફૂલહાર લઈને આવજે

સુરતઃ હું મરી જાઉં છું, મારા માટે ફૂલહાર લઈને આવજે, ડિંડોલીમાં આધેડે પત્ની સામે વીડિયો કોલમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આધેડે નશાની હાલતમાં પગલું ભર્યું હોવાની શક્યતા છે.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની સંજયભાઈ ભાઉરાવ શાર્દુલ (47 વર્ષ) હાલ ડિંડોલી નવાગામ વિસ્તારમાં આવેલ બીલિયાનગર વિભાગ-1માં પરિવાર સાથે રહેતા હતા અને તે સેન્ટિંગ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. સંજયભાઈને નશો કરવાની કુટેવ હતી. તેમની પત્ની થોડાક સમય પહેલા સામાજિક પ્રસંગ હોવાથી વતનમાં ગઈ હતી.

દરમિયાન મંગળવારે રાત્રે સંજયભાઈએ નશાની હાલતમાં પત્નીને વિડીયો કોલ કરી કહ્યું કે 'મારા ફૂલહાર લઈને આવજે, હું મરી જાઉં છું'. બાદમાં ચાલુ વિડીયોકોલમાં જ સંજયભાઈએ ઘરે લોખંડના હુક સાથે રૂમાલ બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## લાજપોરના આરોપીને સામાન્ય બેરેકમાં ખસેડવા પત્નીની અદાલતમાં ગુહાર

**આરોપી** લલિત ડોંડાને હાઈ-સિક્યોરિટી બેરેકમાં મૂકી દેવાયો, કોર્ટે જેલરને નોટિસ ઈસ્યુ કરી

સુરતઃ સરથાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના હેઠળ લાજપોર મધ્યસ્થ જેલમાં બંધ આરોપી લલિતભાઈ બાબુભાઈ ડોંડાને હાઈ-સિક્યોરિટી (એકાંતવાસ) બેરેકમાંથી સામાન્ય બેરેકમાં ટ્રાન્સફર કરવા માટે તેમની પત્ની હેતલબેન પટેલે એડ્વોકેટ અલ્પેશકુમાર કથીરિયા મારફતે સુરતના ચોથા એડિશનલ સિવિલ અને જે.એમ.એફ.સી. જજની કોર્ટમાં દાદ માંગી હતી. આરોપી લલિતભાઈ ડોંડા વિરૂદ્ધ સરથાણા પોલીસ સ્ટેશને બી.એન.એસ. (BNS)ની કલમ ૩૦૮(૨), ૧૧૫(૨), ૩૫૨ અને ૩૫૧(૨) હેઠળ ગુનો નોંધાયો હતો. આ મામલે પોલીસે ૨૯ મેના રોજ આરોપીની અટકાયત કરી 30 મે-૨૦૨૬ના રોજ સુરત કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો. તપાસ અધિકારી દ્વારા કોઈ રિમાન્ડની માંગણી ન કરાતાં કોર્ટે આરોપીને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ લાજપોર જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. જેલમાં બંધ પતિની મુલાકાત લીધા બાદ પત્ની હેતલબેને કોર્ટ સમક્ષ કરેલી અરજીમાં જણાવ્યું હતું કે જેલ સત્તાધીશો દ્વારા લલિતભાઈને સીધા હાઈ-સિક્યોરિટી બેરેકમાં બંધ કરી દેવાયા છે.

આરોપી હાર્ડકોર ક્રિમિનલ નથી, વ્યવસાયે વેપારી છે અને તે કોઈ આતંકવાદી પ્રવૃત્તિ, ગેંગસ્ટર કે હાર્ડકોર ગુનાખોરી સાથે સંકળાયેલા નથી. જેલની શિસ્તનો ભંગ થાય તેવું કોઈ કૃત્ય તેમણે કર્યું નથી. આરોપીની શારીરિક સ્થિતિ સારી નથી. હાઈ-સિક્યોરિટી એટલે કે એકાંતવાસમાં રાખવાના કારણે તેમની શારીરિક અને માનસિક પરિસ્થિતિનું સંતુલન ખોરવાઈ શકે તેમ છે. કોઈ યોગ્ય કારણ વિના એકાંતવાસમાં રાખવાથી બંધારણની કલમ-૨૧ તેમજ મૂળભૂત માનવ અધિકારોનું ઉલ્લંઘન થાય છે. અરજદાર પત્નીએ કોર્ટને વિનંતી કરી છે કે આરોપી નાસી ભાગી જાય તેમ નથી, તેથી અદાલતે પોતાના 'જ્યુડિશિયલ ડિસ્ક્રીશનરી પાવર્સ' (ન્યાયિક વિવેકાધિકાર) નો ઉપયોગ કરીને જેલ ઓથોરિટીને આરોપીને સામાન્ય બેરેકમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કરવા દાદ માંગી હતી. આ સંદર્ભે અરજદારના એડ્વોકેટ અલ્પેશકુમાર કથીરિયાએ જણાવ્યું હતું કે, કોર્ટે આ મુદ્દે જેલને નોટિસ ઈસ્યુ કરી છે.

## મેડિકલમાં રૂ.૩૦ લાખની સ્કોલરશિપના નામે વિદ્યાર્થિની સાથે ૮.૧૬ લાખની ઠગાઈ

**નર્સિંગ** કોલેજની પૂર્વ શિક્ષિકાને રૂપિયા આપવા કોલેજિયન યુવતીએ દાગીના ગીરવે મૂકી દીધા

સુરતઃમેડિકલ કોલેજમાં ફ્રીશીપ કાર્ડ અને રૂ.૩૦ લાખની મોટી સ્કોલરશીપ અપાવવાની લાલચ આપી નર્સિંગની વિદ્યાર્થિનીના પરિવાર સાથે લાખોની ઠગાઈ થઈ છે.

રાંદેર વિસ્તારમાં રહેતી કોલેજિયન યુવતી અને તેની માતાને વિશ્વાસ નર્સિંગ કોલેજની જ એક પૂર્વ શિક્ષિકાએ અલગ-અલગ ફાઈનાન્સ કંપનીઓ અને સોનીઓને ત્યાં ગીરવે મુકાવી દીધા હતા. શિક્ષિકાએ ટુકડે-ટુકડે કુલ રૂ. ૮,૧૬,૯૦૦/- પડાવી લઈ કોઈ સ્કોલરશીપ ન અપાવી છેતરપિંડી આચરતા આખરે રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

રાંદેર ઉગત પાણીની ટાંકી પાસે શ્રીજીનગરીમાં રહેતી હેતાક્ષીબેન રમેશભાઈ પરમાર (ઉ.વ. ૧૯) વર્ષ ૨૦૨૪માં "મા કામ" કોલેજમાં નર્સિંગનો કોર્સ કરતી હતી. આ કોલેજમાં રુચીબેન હિતેષભાઈ પટેલ (રહે. જયઅંબે સોસાયટી, અડાજણ પાટિયા) શિક્ષક તરીકે નોકરી કરતા અને ફી ઉઘરાવતા હતા. દરમિયાન આ કોલેજ ફ્રોડ નીકળતા તેના પર કેસ થયો હતો અને તે બંધ થઈ ગઈ હતી. હેતાક્ષીના ઓરિજનલ ડોક્યુમેન્ટ્સ કોલેજમાં ફસાયા હોવાથી રુચી પટેલે હેતાક્ષીના ઘરે આવીને ડોક્યુમેન્ટ્સ પરત આપ્યા હતા અને વિશ્વાસ જીત્યો હતો. હેતાક્ષી નીટ (NEET) અને નોઈઝ એક્ઝામની તૈયારી કરી મેડિકલમાં જવા માંગે છે તેમ જાણતા રુચીએ કહ્યું હતું કે, 'મારી ગાંધીનગરમાં સર સાથે વાત થઈ છે, હેતાક્ષીને MBBS કરવા માટે રૂ.૩૦ લાખની સ્કોલરશીપ અને ફ્રીશીપ કાર્ડ મળશે.'આમ રુચી પટેલે કુલ રૂ. ૮,૧૬,૯૦૦/- લઈ સ્કોલરશીપ અપાવી ન હતી.

### આ જગ્યાએ દાગીના ગીરવે મૂકાવ્યા

નવેમ્બર-2024માં ફોર્મ પ્રોસેસિંગના નામે બે હપ્તામાં રૂ.35 હજાર લીધા હતા.
5 ડિસેમ્બર 2024ના સોનાની ચેઈન ગીરવે મુકાવી રૂ.65 હજાર મેળવ્યા હતા.
13 ડિસેમ્બરે ઝુમ્મર, કળી અને બે વીંટી ગીરવે મૂકી ફરી રૂ.65 હજાર લીધા
20 ડિસેમ્બરે માતાનું મંગળસૂત્ર ગીરવે મૂકી રૂ.1.51 લાખ ટ્રાન્સફર કરાવ્યા
2 જાન્યુઆરી 2025 દાગીના ગીરવે મુકાવી રૂ.2.20 લાખ મેળવ્યા
4 જાન્યુઆરીએ સ્કોલરશીપના બહાને વધુ રૂ.50 હજાર લીધા હતા
5 જાન્યુઆરીએ ઘરેણા ગીરવે મૂકી રૂ.2.30 લાખથી વધુ રકમ મેળવી લીધી હતી

## વસતી ગણતરી મામલે બેંકના કર્મીઓ હાઈકોર્ટમાં ગયા

**કોર્ટ દ્વારા** મનપાને નોટિસ મોકલવામાં આવી, આગામી દિવસોમાં સુનાવણી થશે

સુરત : હાલમાં ચાલી રહેલી વસતી ગણતરીની કામગીરીમાં રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓને ફરજ સોંપવાના મુદ્દે વિવાદ ઊભો થયો છે. સુરત સ્થિત બેંક ઓફ ઈન્ડિયા ઓફિસર્સ એસોસિએશને સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તથા વસ્તી ગણતરી અધિકારી દ્વારા 12 મેના રોજ જારી કરાયેલા આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો છે.

અરજદારોનું કહેવું છે કે બેંક ઓફ ઈન્ડિયા કોઈ સ્થાનિક સત્તામંડળ નથી, તેથી તેના કર્મચારીઓ અને અધિકારીઓને વસતી ગણતરીની ફરજો સોંપી શકાય નહીં. એસોસિએશને અગાઉ સંબંધિત અધિકારી સમક્ષ આદેશ રદ કરવાની રજૂઆત કરી હતી, પરંતુ તે નામંજૂર થતા હાઈકોર્ટનો દરવાજો ખટખટાવવામાં આવ્યો છે.હાઈકોર્ટમાં રજૂઆત દરમિયાન અરજદારોના વકીલે વસતી ગણતરી અધિનિયમની કલમ 4Aનો હવાલો આપતાં દલીલ કરી હતી કે આ જોગવાઈ સ્થાનિક સંસ્થાના સ્ટાફને વસ્તી ગણતરીના કામ માટે રોકવાની વાત કરે છે.

ઉપરાંત વર્ષ 2011 દરમિયાન એલઆઈસીના 339 કર્મચારીઓને ગણતરીકાર અને સુપરવાઈઝર તરીકે નિયુક્ત કરવાની કાર્યવાહી સામે થયેલા કેસનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો. તે કેસમાં સિંગલ જજની બેન્ચે નોટિસો રદ કરી હતી અને આ નિર્ણયને 2019માં ડિવિઝન બેન્ચે પણ યથાવત રાખ્યો હતો. હાઈકોર્ટે અરજીની પ્રાથમિક સુનાવણી બાદ સંબંધિત સત્તાધિકારીઓને નોટિસ પાઠવી છે. હવે આગામી સુનાવણીમાં બેંક કર્મચારીઓને વસતી ગણતરીની ફરજો સોંપવાની કાયદેસરતા અંગે વધુ ચર્ચા થવાની શક્યતા છે.

## વડાપ્રધાન મોદીના હસ્તે ભટાર STPના અપગ્રેડેડ પ્લાન્ટનું 5 જૂને લોકાર્પણ

**રૂપિયા** 67.50 કરોડના ખર્ચે પ્લાન્ટ તૈયાર કરાયો છે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા ભટાર ખાતે આવેલા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)ને અદ્યતન ટેકનોલોજીથી અપગ્રેડ કરવામાં આવ્યો છે. અંદાજે રૂ.67.50 કરોડના ખર્ચે કરવામાં આવેલા આ નવીનીકરણ બાદ પ્લાન્ટનું લોકાર્પણ આગામી 5 જૂને ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાનારા કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ, શહેરના ડ્રેનેજના પાણીના શુદ્ધિકરણ માટે સુરત મનપાએ વર્ષ 2002 દરમિયાન ભટાર ખાતે 120 એમએલડી ક્ષમતાનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કર્યો હતો. તે સમયે પ્લાન્ટમાં એક્ટિવેટેડ સ્લજ આધારિત ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જોકે, સમયાંતરે ટેકનોલોજી જૂની બનતાં અને આધુનિક ધોરણો મુજબ કામગીરી જાળવવાની જરૂરિયાત ઊભી થતાં પ્લાન્ટના નવીનીકરણનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મનપા દ્વારા પ્લાન્ટમાં અદ્યતન IFAS (Integrated Fixed-film Activated Sludge) ટેકનોલોજી સ્થાપિત કરવામાં આવી છે, જેના કારણે ગંદા પાણીના શુદ્ધિકરણની ગુણવત્તામાં વધારો થશે.

### વડાપ્રધાનના આગમનને લઈને સુરતમાં સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણના રેકોર્ડની તૈયારી

આગામી 5 જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત મહાનગરની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા સુરત મહાનગરના 820 જેટલા શક્તિ કેન્દ્રો પર 4 જૂન, ગુરુવારના રોજ સવારે 7થી 8 વાગ્યા દરમિયાન એક કલાકનું સામૂહિક સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. આ સાથે જ મહિલા મોરચા દ્વારા તમામ 30 વોર્ડમાં ભજન મંડળીની બહેનો અને મહિલા કાર્યકરો સાથે દેશભક્તિ તેમજ ધાર્મિક ગીતોની ધૂન સાથે પ્રભાત ફેરી યોજાશે, જ્યારે યુવા મોરચા દ્વારા દરેક વોર્ડ દીઠ 100 સાઈકલ મળીને આખા શહેરમાં કુલ 3,000 સાઈકલ સાથેની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. 5 જૂન, શુક્રવારના રોજ સવારે 7થી 8 વાગ્યાના એક કલાકના સમયગાળામાં જ સુરતના 820 શક્તિ કેન્દ્રો પર એક સાથે 40,000 જેટલા વૃક્ષોનું વાવેતર કરીને નવો રેકોર્ડ બનાવવામાં આવશે

## બોલ લેવા જતાં ત્રીજા માળેથી પટકાતાં ધો.9ના વિદ્યાર્થીનું મોત

સુરતઃ ભટારમાં ત્રીજા માળેથી પટકાતાં ધો 9ના વિધાર્થીનું મોત નીપજ્યું હતું. મિત્રો સાથે ક્રિકેટ રમતી વખતે પતરા ઉપર બોલ ગયો હતો, જે લેવા જતા પગ લપસી જતાં અકસ્માત સર્જાયો હતો અને મૃતક નીચે પટકાયો હતો. તેને સારવાર મળે તે પહેલાં જ મોત થયું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ પાટણ જિલ્લાના સાંખરીના 15 વર્ષીય પુત્ર પ્રીતકુમાર ઉત્તર ગુજરાત સ્કૂલના ધોરણ 9માં અભ્યાસ કરતો હતો. મંગળવારે બપોરે પ્રીતકુમાર ઘરની પાસે આવેલા એક મિત્રના ઘરની અગાસી ઉપર મિત્રો સાથે ક્રિકેટ રમી રહ્યો હતો. દરમિયાન તેમનો બોલ બાજુમાં ત્રણ માળ ઉપર આવેલા પતરા ઉપર ગયો હતો. જેથી પ્રીતકુમાર તે બોલ કાઢવા માટે ઉપર ચડ્યો હતો. તે સમયે તેનો પગ લપસી જતાં તે ત્રીજા માળેથી નીચે પટકાયો હતો. તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાતા તબીબોએ મૃત જાહેર કર્યો હતો.

## બીમાર પૌત્રને દવાખાને લઈ જતાં દાદીનું ટ્રક અડફેટે મોત

સુરતઃ ભેસ્તાન પાંજરાપોળ પાસે આવેલા ઉત્સવ એ એક્લેવમાં મહેશભાઈ રાણા પરિવાર સાથે રહે છે. તેઓ લેસપટ્ટી ઝાલરના કારખાનામાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. તેમના બે વર્ષીય પૌત્ર યુગને તાવ આવતો હતો. જેથી મંગળવારે સાંજે મહેશભાઈની 57 વર્ષીય પત્ની કપિલાબેન, પુત્રવધૂ જૈનીકુમારી સાથે પૌત્ર યુગને લઈ ત્રણ સવારી મોપેડ પર સુરત રેલવે સ્ટેશન પાસે આવેલા એક ખાનગી દવાખાનામાં સારવાર માટે લઈ જતાં હતાં. દરમિયાન સલાબતપુરા ઉમિયા માતાના મંદિરની આગળ કોઈલી ખાડી બ્રિજ પરથી પસાર થતી વેળા ટ્રક ચાલકે કપિલાબેનની મોપેડને ટક્કર મારતાં ત્રણેય નીચે પટકાયા હતા. જેથી કપિલાબેનના માથા પરથી ટ્રકનું પાછળનું ટાયર ફરી વળતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે મોપેડની પાછળ બેસેલી પુત્રવધૂ જૈનીકુમારી અને પૌત્ર યુગનો આબાદ બચાવ થયો હતો.

## નાસીરનગરમાં ડિમોલિશન મનપાએ જ કર્યું છે, અસરગ્રસ્તોનો સરવે શરૂ

**મનપાએ** ડિમોલીશન નથી કર્યુ તેનો દાવો કરાતો હોવાની વાતનો છેદ ઉડી ગયો

**વગદાર** બિલ્ડરના પ્રોજેક્ટ માટે થયેલા ડિમોલિશનના અસરગ્રસ્તોને મનપા વૈકલ્પિક આવાસો આપે તેવી શક્યતા

સુરત : સેન્ટ્રલ ઝોન દ્વારા વેડ રોડ સ્થિત ફૂલવાડી નજીકની નાસીરનગર વસાહતમાં 70થી વધુ કાચા-પાકા મકાનો અને ઝૂંપડાઓનુ અચાનક જ નોટિસ આપ્યા વગર ડિમોલીશન કરી દેવાતા મોટો વિવાદ ઉભો થયો છે. ખાનગી પ્રોજેક્ટના લાભાર્થે મનપાએ વગદાર બિલ્ડરનો હાથો બની રસ્તો ખુલ્લો કરવાની આડમાં ડિમોલીશન કર્યુ હોવાની વાત સ્પષ્ટ થઇ ગઇ છે.

સેન્ટ્રલ ઝોનના અધિકારીઓના જણાવ્યા મુજબ, નાસીરનગરમાં થયેલી તોડફોડ ખાનગી માલિકીની જમીન સાથે સંબંધિત બાબત છે અને મનપાએ માત્ર રસ્તાની લાઇનદોરી નક્કી કરવાની કામગીરી કરી હતી. જોકે, ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે થયેલા ડિમોલીશન બાદ હવે મનપાની ટીમ પ્રભાવિતોની વિગતો એકત્ર કરી રહી હોવાથી "જો મનપાની કોઈ ભૂમિકા ન હતી તો સરવે શા માટે?" એવો સવાલ સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. મનપાના સર્વેને કારણે વિવાદ આગામી દિવસોમાં વધુ વકરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### મનપા નાસીરનગરના જવાબદારોને સજા કરે, નહીં તો હાઈકોર્ટમાં દાદ મંગાશેઃ કોંગ્રેસ

સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલ ઉધનાવાલા દ્વારા સુરત મહાનગરપાલિકાના કમિશનરને લેખિતમાં વેડરોડ વિસ્તારની નાસિર નગર ઝૂંપડપટ્ટીના ગેરકાયદેસર ડિમોલિશન અંગે રજૂઆત કરવામાં આવી છે. રજુઆતમાં જણાવ્યું છે કે, આ ડિમોલિશન પહેલાં મનપા તરફથી દબાણ હટાવવાની કોઈ નોટિસ આપવામાં આવી ન હતી. આ જગ્યા ખાનગી માલિકીની હોવા છતાં મનપાએ માનવતા વિહીન કામગીરી કરી છે. જેથી જવાબદાર અધિકારીઓ સામે લાંચ-રૂશ્વત વિરોધી કાયદા હેઠળ ભ્રષ્ટાચારનો તેમજ ફોજદારી ગુનો દાખલ કરી તેમને તાત્કાલિક અસરથી નિલંબિત કરવામાં આવે. નહીં તો ચાર દિવસ બાદ હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવશે.

ડે.કમિ. ભોગાયતાની બદલી સાથે વડાઓ બદલાયા

## આસિ.કમિ.ગાયત્રીજરીવાળા સચિન ઝોનનાં વડા બન્યાં

**મીના** ગજ્જરને વિવાદી ઉધના ઝોન સોંપાયો, સ્વાતી દેસાઈ વરાછા ઝોનમાં મુકાયા

સુરત : સુરત મનપાના ડે.કમિ. ભોગાયતાની બદલી ભરૂચના રેસિડન્ટ ડેપ્યુટી કલેક્ટર તરીકે થતાં મનપામાં આજે ઝોનના વડાની ફેરબદલીઓ કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને આસિ. કમિ. ગાયત્રી જરીવાલાને ઉપરી અધિકારીઓની અછત ફળતાં તેમને સચિન ઝોનના વડા બનાવવામાં આવ્યા છે. જોકે, સાથે સાથે તેમની અઠવા ઝોનના આસિ. કમિ. તરીકેની જવાબદારી પણ યથાવત રહેશે.

વરાછા ઝોનના ખાલી પડેલી ઝોનના વડાની જગ્યા પર ડે.કમિ. સ્વાતી દેસાઈને મુકવામાં આવ્યા છે. સ્વાતી દેસાઈ પણ વરાછા ઝોનના વડા તરીકે અગાઉ ફરજ બજાવી ચૂક્યા છે. થોડા સમય પહેલા ગેરકાયદે બાંધકામના ડિમોલીશન મુદ્દે શહેર ભાજપ પ્રમુખની ભલામણ હોવા છતાં ડિમોલિશન કરી દેવામાં આવતાં સ્વાતી દેસાઈને વરાછા ઝોનમાં મુકવામાં આવ્યા છે. જ્યારે ઉધના ઝોનના વડાની ખાલી પડેલી જગ્યા પર સચીન ઝોનના વડા ડેપ્યુટી કમિશનર મીના ગજ્જરને જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત ભોગાયતા પાસે હતા તે અન્ય વિભાગો પૈકી ડેપ્યુટી કમિ. સિવાયને વિજિલન્સ, કમ્પ્લેઈન મેનેજમેન્ટ અને કોન્ફિડેન્શિયલ સેકશન (વિજિલન્સ) તેમજ ડેપ્યુટી કમિ. ધર્મેશ મિસ્ત્રીને ઈન્કવાયરી ડિપાર્ટમેન્ટની જવાબદારી સોંપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત મનપામાં એડિશનલ સિટી ઈજનેર (સિવિલ) અને ડેપ્યુટી કમિ. ની ચાવીરૂપ પાંચથી વધુ જગ્યાઓ ખાલી પડી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુમોવ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા કફન વિતરણ



સુરતઃ અનેકવિધ માનવીય અભિગમ કેળવી સેવાઓ કરતું સુમોવ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા ૮૭મો કફન વિતરણ કાર્યક્રમ સદ્. પૂર્ણિમાબેન નરેશભાઈ મંકોડીવાલાના સ્મરણાર્થે નરેશભાઈ મંકોડીવાળા અને પરિવારજનોના સૌજન્યથી સુરત રેલ્વે સ્ટેશન પોલીસ ચોકીમાં યોજાયો હતો. કફનનો જથ્થો પોલીસ હેડ વિનય કુમાર વસાવા અને પોલીસ કોન્સ્ટેબલ હિંમતસિંહ રતનભાઇ એ સ્વીકારી યુવક મંડળની નિયમિત સેવાને બિરદાવી હતી. વસંતભાઇ ગોળવાળા દ્વારા કફનનો ઉપયોગ અંગેની જાણકારી સાથે અત્યાર સુધીમાં લગભગ 5000 મીટર કાપડ કફનના ઉપયોગ માટે દાતાના સથવારે અર્પણ કરવામાં આવ્યાનું જણાવ્યું હતું. દાતા સાથે યુવક મંડળના પ્રમુખ હરીશભાઈ પીપવાળા સાથે પરેશ ભાટિયા, નીતિન ઘાએલ, જીતુ કટલરીવાળા, ધર્મેશ મહેતા, વસંત ગોળવાળા, ધર્મેશ લાપસીવાલા, વિપુલ ગાંધી, મનોજ ગાંધી, યોગેશ ઢબુવાલા, ઘનશ્યામ ભગત, જતીન મહેતા, જીગ્નેશ ઘીવાલા, મોન્ટુ જીનવાલા, આશિષ મોદી હાજર રહ્યા હતા.

### ગુ.સા.પ- નર્મદ સભા દ્વારા ભગવતીકુમાર શર્માને સ્મરણાંજલિ અર્પિત કરાઈ



સુરતઃ ગુજરાતી સાહિત્ય પરિષદ અને નર્મદ સાહિત્ય સભાના ઉપક્રમે સાહિત્યકાર- પત્રકાર ભગવતીકુમાર શર્માની સ્મરણાંજલિ સભામાં ભાવિકોની નોંધપાત્ર હાજરી વચ્ચે પરિષદ પ્રમુખ હર્ષદ ત્રિવેદીએ 60થી વધુ સાહિત્યના વિવિધ પ્રકારો નવલકથા, કાવ્ય, સોનેટ ,ગઝલઅને વાર્તા સંગ્રહો મળી 60થી વધુ પ્રકાશનો આપનાર ભગવતીકુમાર શર્મા પર હવેથી બે દિવસીય સેમિનારનું આયોજન કરવું જોઈએ એવી અપીલ કરી હતી. જયદેવ શુક્લએ અંગત સ્નેહ સંબંધોની વાત કરી હતી. શ્રીમતિ શરીફાબેન વીજળીવાળાએ કી-નોટ વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'સ', 'શ',અને 'ષ'ની ઉચ્ચારશુદ્ધિની આગ્રહપૂર્વક ઓળખ કરાવી સુરતીઓને કરાવી હતી. મુકુલ ચોકસીએ ભગવતીકુમાર પર લખેલ દીર્ઘ કાવ્ય પ્રસ્તુત કર્યું હતું. નીરજા પારેખે પ્રાર્થના, સુનિલ રેવરના સાથી ગાયકોએ ભગવતીકુમારનાં પાંચ ગીતો પ્રસ્તુત કર્યા હતા. મેહુલ શર્મા ટીમે નાટ્યાંશ રજૂ કર્યો હતો.જેમાં યામિની વ્યાસ, દેવાંગ જાગીરદાર અને સ્નેહલ ભૂમિકા અદા કરી હતી. બકુલ ટેલર સ્વાગત, રીના શર્મા મહેતાએ આભારવિધિ કરી હતી. કપિલદેવ શુક્લએ સંચાલન કર્યું હતું. ઉપપ્રમુખ રાજન ભટ્ટ , હિમાંશુ ભટ્ટ, ચન્દ્રાક્ષ પંડ્યા ચિંતન મહેતા વ.મિત્રોએ સહાયક ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું.

### અર્બન પ્લાનર અને રિસર્ચ સાયન્ટિસ્ટ ડૉ. પંકજ ગાંધી ત્રીજી વખત Ph.D. થયા



સુરતઃ સુરતના જાણીતા શિક્ષણવિદ, અર્બન પ્લાનર અને રિસર્ચ સાયન્ટિસ્ટ ડૉ. પંકજ જયંતીલાલ ગાંધીએ SVNITમાંથી સિવિલ એન્જિનિયરિંગ વિષયમાં પોતાની ત્રીજી Ph.D.ની પદવી સફળતાપૂર્વક મેળવીને એક વિરલ શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે સુરત શહેરના વિસ્તારોમાં શહેરી પૂરની સામાજિક-આર્થિક અને પર્યાવરણીય અસરો પર પોતાનો શોધનિબંધ : "An Assessment of the Socio Economic and Environmental Impact of Urban Flooding in some parts of Surat City" રજૂ કર્યો હતો, જેને સંસ્થા દ્વારા માન્ય રાખી તેમને Ph.D. ની ડિગ્રી એવોર્ડ કરવામાં આવી છે. અગાઉ તેમણે નર્મદ યુનિ.માંથી મેનેજમેન્ટ વિષય હેઠળ 'ડાયમંડ ઇન્ડસ્ટ્રી' પર પ્રથમ અને SVNIT ખાતેથી જ કેમિકલ એન્જિનિયરિંગમાં ઓન્કોલોજી (કેન્સર) તથા કાર્ડિયોવાસ્ક્યુલર (હૃદય રોગ) સાયન્સ જેવા જટિલ વિષયો પર બીજી Ph.D. ની પદવી મેળવી હતી.

### સગરામપુરા સ્થિત 150 વર્ષ જૂના 'મીની ડાકોર' મંદિરે છપ્પન ભોગ, અલૌકિક શણગારના દર્શન



સુરતઃ સગરામપુરા સ્થિત 150 વર્ષ જૂના ઐતિહાસિક શ્રી રણછોડજી મંદિર (મીની ડાકોર) ખાતે અધિક જેઠ સુદ પૂનમના પાવન પર્વે ભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. ભગવાન રણછોડરાયજીનાં ચરણોમાં અર્પણ કરવામાં આવેલા છપ્પન ભોગની પ્રસાદી અને પ્રભુના દિવ્ય-અલૌકિક શણગારે ભક્તોને મંત્રમૂગ્ધ કરી દીધા હતા. આ વિશેષ દિવસ નિમિત્તે વહેલી સવારથી જ મંદિર પરિસરમાં હરિભક્તોની ભારે ભીડ ઉમટી હતી. આશરે 5,000થી વધુ શ્રદ્ધાળુઓએ કતારમાં ઉભા રહીને પ્રભુના મનોહર સ્વરૂપના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંદિરના પૂજારીઓ દ્વારા કરાયેલા વિશેષ શણગાર અને વૈદિક મંત્રોચ્ચારથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. હજારો ભક્તોએ પ્રસાદનો લાભ લઈને પોતાના જીવનને કૃતાર્થ કર્યું હતું.

### અંતરના ઊંડાણની પ્રાર્થનાથી પ્રભુ સમસ્યા ઉકેલે છેઃ પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈ સ્થિત શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. પૂ. સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મ.સાહેબ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થઈ હતી. આ પુનિત પ્રસંગે ધર્મસભાનું આયોજન થયું હતું. જેમાં આચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પરમાત્માને કરેલી પ્રાર્થના ક્યારે પણ નિષ્ફળ જતી નથી. આ પ્રાર્થના સંવેદનાસભર હોવી જોઈએ. પાળેલા પોપટની જેમ રામ રામ બોલવું એ કોઈ પ્રાર્થના નથી પણ ફોર્માલિટી છે. અંતરના ઊંડાણવાળી પ્રાર્થના કરવાથી પ્રભુ તમારી સમસ્યાઓનું સોલ્યુશન કરી આપે છે. અત્યાર સુધી આપણે ઘણાં શરણ સ્વીકાર્યા, પણ આ બધા શરણો તકલાદી હતા. સાચો ભક્ત જ્યારે ભગવાનનું શરણું સ્વીકારે છે ત્યારે એ શરણ પ્રભુના વિયોગ અને વિરહનું હોય છે. ઈશવિરહથી વ્યગ્ર બનેલો પ્રભુભક્ત આંખોમાંથી અશ્રુની વર્ષા કરતો હોય છે.

### સાર્વજનિક યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ઉજવણી શરૂ, એક મહિનો કાર્યક્રમ થશે

સુરતઃ સાર્વજનિક યુનિવર્સિટી પોતાના 5મા સ્થાપના વર્ષ નિમિત્તે "Celebrating 5 Years of Shaping Futures"થીમ હેઠળ 1 જૂનથી 30 જૂન દરમિયાન માસભરની ઉજવણી કરી રહી છે. 114 વર્ષ જૂની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા 2021માં સ્થાપિત યુનિવર્સિટીએ છેલ્લાં પાંચ વર્ષમાં 48થી વધારી 65 અભ્યાસક્રમો શરૂ કર્યા છે. B.Sc. અને M.Sc. (AI & ડાટા સાયન્સ), PGDFBS, IMCA, M.Sc. ક્લિનિકલ એમ્બ્રોલોજી અને LL.M. જેવા નવા ઉદ્યોગલક્ષી કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. તાજેતરમાં "સાર્વજનિક કોલેજ ઓફ લિબરલ આર્ટ્સ"ની સ્થાપના સાથે B.A. સાયકોલોજી અને ઇકોનોમિક્સ જેવા અભ્યાસક્રમો પણ શરૂ કરાયા છે. માસભરમાં રક્તદાન કેમ્પ, આરોગ્ય તપાસ, સ્વચ્છતા અભિયાન અને સમાજલક્ષી કાર્યક્રમો યોજાશે. સમાપન સમારોહ 30 જૂને "Gratitude & Recognition Ceremony"સાથે યોજાશે, જેમાં દાતાઓ, અધ્યાપકો અને કર્મચારીઓને સન્માનિત કરવામાં આવશે. આ સ્થાપના વર્ષ ઉજવણીને યુનિવર્સિટીના પ્રમુખ આશિષ વકીલ, પ્રોવોસ્ટ ડૉ. કિરણ પંડ્યા તેમજ યુનિવર્સિટીના પ્રથમ પ્રોવોસ્ટ અને ઉજવણી સમિતિના કન્વીનર પ્રો. ફર્ઝી એન્જિનિયરના માર્ગદર્શનનો આધાર પ્રાપ્ત થયો છે. આ અવસરે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ તથા યુનિવર્સિટીના પ્રમુખ આશિષ વકીલ અને પ્રોવોસ્ટ ડૉ. કિરણ પંડ્યાએ જણાવ્યું હતું કે યુનિવર્સિટી માત્ર શિક્ષણ પૂરું પાડતી સંસ્થા તરીકે નહીં પરંતુ ચારિત્ર્ય ઘડતર, સમાજ તથા રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં અર્થપૂર્ણ યોગદાન આપતી સંસ્થા તરીકે આગળ વધવા માટે પ્રતિબદ્ધ છે.